# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૩૬/ક્વા-૪/૨૦-૨૧/૪૧૩૫-૭ તા.૦૬.૦૭.૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૩૬/ક્વા-૪/૨૦-૨૧**

અરજદાર: પટેલ કેશવલાલ પ્રભુભાઈ ગામ: સરા
પેટા વિભાગીય કચેરી: સરા
રજૂઆત કરનાર: અરજદારના પ્રતિનિધિ તરીકે શ્રી જયંતીલાલ કેશવજીભાઇ કોરવાડીયા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી - હળવદ
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી એ.આર.કોરડિયા પીજીવીસીએલ વિભાગીય કચેરી - હળવદ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૨૯-૦૬-૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૯-૦૬-૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજૂઆતમાં જણાવે છે કે તેઓએ સરા પેટાવિભાગીય હેઠળ તા.૧૩-૦૬-૧૮ ના રોજ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી. જે અન્વયે તેઓને અપાયેલ રૂ.૧૪૨૫૦/- નું ભાવપત્રક તા.૧૧-૦૬-૧૯ ના રોજ ભરપાઈ કરેલ પરંતુ લાઈન કામ કરાયેલ નથી. ત્યારબાદ તા.૨૮-૦૮-૧૯ ના રોજ કરારનામું કરવાનો લેટર આપેલ છે. પરંતુ અરજદારના પિતાશ્રી કેશવલાલ પ્રભુભાઈ મરણ પામેલ હતા. જેથી નામ બદલીની અરજી તા.૦૬-૦૬-૨૦ ના રોજ જયતિલાલ કેશવલાલ ના નામે રસીદ નં – ૫૮૭૦૮૩

થી જરૂરી ચાર્જ ભરપાઈ કરેલ છે તેમછતાં સદર બાબતે વીજજોડાણ આપવાની કોઈ કાર્યવાહી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ ન હોય અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે સરા પેટા વિભાગીય કચેરીમાં અરજદારશ્રી પટેલ કેશવલાલ પ્રભુભાઈ દ્વારા મહાદેવગઢ ગામે પોતાના માલીકીના ખેતીવાડી સર્વે નં.૯૧ માં પિયત કરવા માટે સરા ગામે આવેલ સરકારી પડતર સર્વે નં.૭૩૮/3/૧ પૈકી ૯ પૈકી ૮ વાળી જગ્યામાં મામલતદારશ્રી મુળી દ્વારા જમીન/વશી/રજી.નં-૭/૨૦૧૭ થી કુવા/બોર અને પાઈપલાઈન માટે ૨ ગુંઠા જમીન ૫ વર્ષના ભાડાપટે ફાળવવામાં આવેલ સદર જમીન પર સામાન્ય યોજના (SPA) હેઠળનું નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા અંગે તા.૧૩.૦૬.૨૦૧૮ ના રોજ અરજી કરેલ હતી.

૩.૧ ઉપરોક્ત બાબતે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અગ્રતાક્રમ પ્રમાણે કચેરીના જાવક પત્ર નં-૧૩૧૩ તારીખ-૧૬.૦૪.૨૦૧૯ થી પત્રમાં જણાવ્યા મુજબના ડોકયુમેન્ટ પુરા પાડવા જણાવેલ હતું, તેમજ તા.૦૭.૦૫.૨૦૧૯ ના સદર નવા વીજજોડાણ માટેનું સર્વે કરીને નિયમાનુસાર જા.વ.નં. ૨૦૮૬ તા.૦૩.૦૬.૨૦૧૯ થી અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે અરજદાર દ્વારા રસીદ નં ૭૮૯૯૬૩-૬૪-૬૫ થી તા.૧૧.૦૬.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરાયેલ હતું. ત્યારબાદ જરૂરી કરારનામાં માટે મૌખીક તેમજ ટેલિફોનિક જાણ કરાયેલ તેમજ સરા કચેરીના જાવક પત્ર નં. ૩૩૬૦ તા.૨૮.૦૮.૨૦૧૯ થી જાણ કરવામાં આવતા અરજદારના પુત્ર જયંતીલાલ કેશવજીભાઇ દ્વારા તેમના પિતાનુ તા.૧૫.૦૩.૨૦૧૯ ના રોજ અવસાન થતા હયાત ન હોઈ વારસાઈ એન્ટ્રી પાડવા અને ૦૨(બે) ગુંઠા વાળી જમીનમાં નામ ફેરવવા સબબ ૯૦ દિવસનો સમય આપવાની અરજી તા.૨૦.૦૯.૨૦૧૯ થી કરવામાં આવેલ હતી.

૩.૨ ત્યારબાદ અરજદાર દ્વારા સદર નવું વીજજોડાણ તેમના પિતાશ્રી કેશવભાઈ પ્રભુભાઈ માંથી શ્રી જયંતીભાઈ કેશવભાઈ કોરવાડિયાનું નામ ફેરબદલી કરી આપવાની અરજી તા.૦૬.૦૬.૨૦૨૦ ના રોજ પેટાવિભાગીય કચેરી ખાતે કરવામાં આવેલ હતી. જેની સાથે તેમના દ્વારા સર્વે નં ૯૧ ના ૭-૧૨ શ્રી જયંતીભાઈ કેશવભાઈ કોરવાડિયાના નામના તેમજ ૦૨ ગુંઠા વાળા સર્વે નં ૭૩૮/૩/૧ પૈકી ૯ પૈકી ૮ માં તેમના પિતા અરજદાર શ્રી કેશવલાલ પ્રભુભાઈ કોરવાડિયાના નામ વાળા ૭-૧૨ જોડવામાં આવેલ હતા અને સાથે મામલતદારશ્રી મુળી દ્વારા પત્ર નં જમીન/વશી/૮૮૬/૨૦૨૦ તા.૦૫.૦૬.૨૦૨૦ થી તેઓને ફાળવવામાં આવેલ ૦૨ ગુંઠા જમીનની શરત નં ૧૨ મુજબ સદર ૦૨ ગુંઠા વાળી જમીનમાં નામ દાખલ કરી શકાય નહિ જેથી સદર અરજી દફતરે કરવામાં આવે છે. તેવા લખાણવાળો મામલતદાર શ્રી મુળીનો પત્ર જોડેલ હતો જે તમામ દસ્તાવેજ સાથેની ફાઈલ અત્રેની વિભાગીય કચેરી ખાતે સદર નવા ખેતીવાડી વીજજોડાણમાં નામ ટ્રાન્સફર સાથે મંજુરી માટે મોકલવામાં આવેલ હતી. જેનો અભ્યાસ કરી વિભાગીય કચેરી દ્વારા કંપની ના પરિપત્ર જીયુવીએનેએલ/ટેક/ખેતીવાડી/૧૦૨૧ તા.૧૮.૦૮.૨૦૧૭ પરિપત્ર અનુસાર પૂર્તતા થતી ન હોઈ વિભાગીય કચેરી દ્વારા પત્ર નં એચ.એલ.ડી.ઓ/રેવ/૨૩૨૦ તા ૦૭.૦૭.૨૦૨૦ થી તેમની અરજી નામંજુર કરવામાં આવેલ.

૩.૩ અરજદારના વારસદાર શ્રી જયંતીભાઈ કેશવભાઈ દ્વારા સદર બાબતે તા.૦૪.૦૮.૨૦૨૦ ના રોજ મામલતદારશ્રી મુળીને માહે સપ્ટેમ્બર-૨૦૨૦માં યોજાયેલ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં આ પ્રશ્ન બાબતે રજૂઆત કરવામાં આવેલ હતી. જે અન્વયે મામલતદારશ્રી મુળી દ્વારા અરજદાર પાસેથી પેઢી આંબો તેમજ

સોગંધનામાના આધારે અરજદારશ્રીની રજૂઆત અન્વયે જરૂરી મંજૂરી મળ્યે અરજદારશ્રીને માંગણી મુજબના વીજજોડાણમાં નામ ટ્રાન્સફર કરવાની કાર્યવાહી કરવા તેમજ સરકારશ્રીની સુચનાઓ મુજબ કાર્યવાહી કરવા પત્ર નં જનરલ/તા.સ્વાં./વ-૩૧૫/૦૯/૨૦૨૦ તા.૩૦.૦૯.૨૦૨૦ થી હુકમ કરવામાં આવેલ હતો.

૩.૪ ઉપરોક્ત બાબતે પેટાવિભાગીય કચેરી દ્વારા ફરીવાર વિભાગીય કચેરીમાં મામલતદારશ્રી ના પત્ર મુજબની પૂર્તતા કરી મંજૂરી માટે મોકલાવેલ હતી પરંતુ કંપનીના પરિપત્રની શરતની પૂર્તતા થતી ન હોઈ ૦૨ ગુંઠા વાળી જમીનમાં નામ બદલી કરવાની મંજૂરી રજુ કર્યા બાદ જ આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવુ અત્રેની કચેરી દ્વારા પત્ર નં ૩૭૬૯ તા.૧૬.૧૦.૨૦૨૦ થી જણાવવામાં આવેલ હતું. ત્યારબાદ અરજદાર શ્રી જયંતીભાઈ કેશવભાઈ દ્વારા સદર પ્રશ્ન જીલ્લા સ્વાગત કાર્યક્રમ માહે-નવેમ્બર-૨૦૨૦ તા.૨૬.૧૧.૨૦૨૦ ના રોજ સુરેન્દ્રનગર કલેકટર કચેરી ખાતે લેતા શ્રી કલેકટર સાહેબ સુરેન્દ્રનગરના અધ્યક્ષ સ્થાને યોજાયેલ લોકદરબારમાં કલેકટર સાહેબ દ્વારા મામલતદાર શ્રી મુળીને સદર પ્રશ્ન બાબતે કાર્યપાલક ઇજનેર હળવદ ને સદર વીજજોડાણ બાબતે જરૂરી નિર્ણય લઇ નિકાલ કરવા લેખિતમાં જાણ કરવા જણાવેલ જે અન્વયે મામલતદાર મુળી દ્વારા જરૂરી/જિલ્લા સ્વાગત પ્રશ્ન સંબંધિત, જનરલ/જી.સ્વાં/નવે.પ્રશ્ન ૬/૨૦૨૦ તા.૦૧/૧૨/૨૦૨૦ થી અરજદારશ્રી ને ફાળવવામાં આવેલ જમીન નવી શરતની અને ભાડાપટે ફાળવવામાં આવેલ છે. અને તે ફક્ત નિયંત્રિત સતા પ્રકારે ફાળવેલ જમીન હોય નિયમ અનુસાર તેને લગતા ૭-૧૨ અને ૮-અ માં વારસાઈ થઇ શકે નહિ એમ જણાવવામાં આવેલ હતું.

૩.૫ અરજદારશ્રી દ્વારા માંગવામાં આવેલ વીજકનેક્શનમાં પી.જી.વી.સી.એલ. કક્ષાએથી નામ તબદીલ કરવા અંગેની કાર્યવાહી કરવા અને સદરહુ જિલ્લા સ્વાગત કાર્યક્રમ પ્રશ્નનો નિકાલ કરવા જણાવેલ હતું. પરંતુ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ દ્વારા જાહેર કરવામાં આવેલ પરિપત્ર નં જીયુવીએનએલ/ટેક/ખેતીવાડી/૧૦૨૧ તા.૧૮.૦૮.૨૦૧૭ ના મુદા નં ૦૬ મુજબ “”જે જમીનમાં પિયત કરવાનું છે. તે જમીનના માલિક હક્ક જે ખેડૂતના નામે હોય તેમના જ નામે બે(૦૨) ગુંઠા જમીનની ફાળવણી થયેલ હોવી જોઈએ.” તેમજ મુદા નં ૧૭ માં જણાવ્યા મુજબ “બે(૦૨) ગુંઠા જમીન વીજજોડાણ મેળવ્યા બાદ પિયત વાળી જમીનમાં વેચાણ અથવા વારસાઈથી અન્ય માલીક અથવા વારસદારના નામે થાય તેવા કિસ્સામાં નવા માલિક અથવા વારસદારે વીજજોડાણ વાળી બે ગુંઠા જમીનની પુનઃ ફાળવણી પોતાના નામે કરાવી લેવાની રહેશે” જયારે અરજદારશ્રી પટેલ કેશવલાલ પ્રભુભાઈ ના વારસદારશ્રી જયંતીભાઈ કેશવભાઈ પટેલ દ્વારા કંપનીના નિયમ અનુસાર બે ગુંઠા જમીનની પુનઃફાળવણી પોતાના નામે કરાવેલ ન હોય તેમની નવા વીજ જોડાણમાં નામ ફેરબદલીની અરજી સાથે નવું વીજજોડાણ મંજૂર કરવાની અરજી સદર પરિપત્રની શરત નં ૦૬ મુજબની પૂર્તતા થતી ન હોવાથી નામંજુર કરવામાં આવેલ હતી.

૩.૬ અરજદારને સદર નવુ વીજજોડાણ તેમના સર્વે નં ૯૧ માં અથવા તેમના નામવાળા અન્ય સર્વે નંબરમાં સ્થળ ફેરફાર કરાવી લેવા સરા પે.વિ.કચેરીના પત્ર નં ૭૭૫ તા ૬/૦૩/૨૦૨૧ થી જાણ કરવામાં આવેલ હતી. આમ સદર બાબતે કંપનીના નિયમ અનુસાર સઘળી કાર્યવાહી કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારે સરા પેટાવિભાગીય હેઠળ તા.૧૩-૦૬-૧૮ ના રોજ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી અન્વયે અપાયેલ રૂ.૧૪૨૫૦/- નું ભાવપત્રક તા.૧૧-૦૬-૧૯ ના રોજ ભરપાઈ કરેલ. તા.૨૮-૦૮-૧૯ ના રોજ કરારનામું કરવાનો લેટર આપેલ પરંતુ અરજદારના પિતાશ્રી કેશવલાલ પ્રભુભાઈ મરણ પામેલ હતા. જેથી નામ બદલીની અરજી તા.૦૬-૦૬-૨૦ ના રોજ જયતિલાલ કેશવલાલ ના નામે રસીદ નં – ૫૮૭૦૮૩ થી જરૂરી ચાર્જ ભરપાઈ કરેલ છતાં વીજજોડાણ આપવાની કોઈ કાર્યવાહી પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરાયેલ ન હોય અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારશ્રી પટેલ કેશવલાલ પ્રભુભાઈ દ્વારા મહાદેવગઢ ગામે પોતાના માલીકીના ખેતીવાડી સર્વે નં.૯૧ માં પિયત કરવા માટે સરા ગામે આવેલ સરકારી પડતર સર્વે નં.૭૩૮/૩/૧ પૈકી ૯ પૈકી ૮ વાળી જગ્યામાં મામલતદારશ્રી મુળી દ્વારા જમીન/વશી/રજી.નં-૭/૨૦૧૭ થી કુવા/બોર અને પાઈપલાઈન માટે (૦૨) બે ગુંઠા જમીન ૦૫ વર્ષના ભાડાપટે ફાળવવામાં આવેલ સદર જમીન પર સામાન્ય યોજના (SPA) હેઠળનું નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા અંગે તા.૧૩.૦૬.૨૦૧૮ ના રોજ અરજી કરેલ હતી.

ત્યારબાદ સરા પેટાવિભાગીય કચેરી દ્વારા અગ્રતાક્રમ પ્રમાણે કચેરીના જાવક પત્ર નં-૧૩૧૩ તારીખ-૧૬.૦૪.૨૦૧૯ થી પત્રમાં જણાવ્યા મુજબના ડોકયુમેન્ટ પુરા પાડવા જણાવેલ હતું, તેમજ તા.૦૭.૦૫.૨૦૧૯ ના સદર નવા વીજજોડાણ માટેનું સર્વે કરીને નિયમાનુસાર જા.વ.નં. ૨૦૮૬ તા.૦૩.૦૬.૨૦૧૯ થી અંદાજપત્ર આપવામાં આવેલ હતું. જે ભાવપત્રક અરજદારશ્રી દ્વારા તા.૧૧-૦૬-૧૯ ના રોજ ભરપાઈ કરેલ. ત્યારબાદ તા.૨૮-૦૮-૧૯ ના રોજ કરારનામું કરવાનો લેટર આપેલ જે અનુસંધાને અરજદારના પુત્ર જયંતીલાલ કેશવજીભાઇ દ્વારા તેમના પિતાનુ તા.૧૫.૦૩.૨૦૧૯ ના રોજ અવસાન થતા હયાત ન હોઈ વારસાઈ એન્ટ્રી પાડવા અને ૦૨(બે) ગુંઠા વાળી જમીનમાં નામ ફેરવવા સબબ ૯૦ દિવસનો સમય આપવાની અરજી તા.૨૦.૦૯.૨૦૧૯ થી કરવામાં આવેલ હતી. તા.૦૩-૦૬-૧૯ ના રોજ અંદાજપત્ર આપતા પહેલા પિતાશ્રીનું તા.૧૫.૦૩.૧૯ ના રોજ અવસાન થયેલ છે તેવી માહિતી શ્રી જયંતીભાઈ દ્વારા પીજીવીસીએલને અગાઉ રજુ કરેલ નથી. ત્યારબાદ અરજદાર દ્વારા સદર નવું વીજજોડાણ તેમના પિતાશ્રી કેશવભાઈ પ્રભુભાઈ માંથી શ્રી જયંતીભાઈ કેશવભાઈ કોરવાડિયાનું નામ ફેરબદલી કરી આપવાની અરજી તા.૦૬.૦૬.૨૦૨૦ ના રોજ પેટાવિભાગીય કચેરી ખાતે કરવામાં આવેલ હતી.

પરંતુ અરજદાર દ્વારા સદર ૦૨(બે) ગુંઠા વાળી જમીન તેઓના પિતાશ્રી કેશવલાલ પ્રભુભાઈ ના વારસદાર શ્રી જયંતીભાઇ કેશવજીભાઇ પટેલ દ્વારા સદર ૦૨(બે) ગુંઠા ની જમીનની પુનઃફાળવણી પોતાના નામે કરાવેલ હોય તેવા કોઈ તે અંગેના આધાર-પુરાવાઓની પૂર્તતા કરેલ નથી.

૪.૩ ઉર્જા અને પેટ્રો કેમિકલ વિભાગ, ગાંધીનગર દ્વારા તા.૨૮-૦૭-૧૭ ના પત્ર થી જે ખેડૂતોની પોતાની માલીકીની પિયતની જમીનના સર્વે નંબરમાં ભૂગર્ભજળનો સ્તોત્ર ઉપલબ્ધ ન હોય, ભૂગર્ભજળ હોય પરંતુ ખારું થઇ ગયલે હોય, ખેતી લાયક ન હોય અથવા પૂર્તતા પાણીનો આવરો ન હોય તેવા સંજોગોમાં મહેસુલ વિભાગ દ્વારા ખેડૂતોને સરકારી પડતર જમીનમાં બોર/કુવો બનાવવા તથા ઇલેક્ટ્રિક મોટર મુકવા માટેની ઓરડી બનાવવા માટે ફાળવવામાં આવતી (૦૨) બે ગુંઠા જમીનમાં કૃષિ વિષયક વીજજોડાણ આપવા માટેની મંજુર થયેલ દરખાસ્ત અન્વયે - ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ દ્વારા જાહેર કરવામાં આવેલ પરિપત્ર નં જીયુવીએનએલ/ટેક/ખેતીવાડી/૧૦૨૧ તા.૧૮.૦૮.૨૦૧૭ ના મુદા નં ૦૬ મુજબ “જે જમીનમાં પિયત કરવાનું છે, તે જમીનના માલિક હક્ક જે ખેડૂતના નામે હોય તેમનાજ નામે ૦૨ ગુંઠા જમીનની ફાળવણી થયેલ હોવી જોઈએ.” તેમજ સદર પરિપત્રના મુદા નં.- ૧૭ માં જણાવ્યા મુજબ “બે(૦૨) ગુંઠા જમીનમાં વીજજોડાણ

મેળવ્યા બાદ પિયતવાળી જમીન વેચાણ અથવા વારસાઈથી અન્ય માલીક અથવા વારસદારના નામે થાય તેવા કિસ્સામાં નવા માલિક અથવા વારસદારે વીજજોડાણ વાળી બે(૦૨) ગુંઠા જમીનની પુનઃફાળવણી પોતાના નામે કરાવી લેવાની રહેશે."

૪.૪ અરજદારને સદર વીજજોડાણ મળેલ ન હોય તે અંગે અરજદાર દ્વારા - સદર પ્રશ્ન જીલ્લા સ્વાગત કાર્યક્રમ માહે-નવેમ્બર-૨૦૨૦ તા.૨૬.૧૧.૨૦૨૦ ના રોજ સુરેન્દ્રનગર કલેકટર કચેરી ખાતે રજુ થયેલ જે અનુસંધાને રજુ કરેલ નકલ મુજબ મામલતદાર મુળી દ્વારા જરૂરી/જિલ્લા સ્વાગત પ્રશ્ન સંબંધિત, જનરલ/જી.સ્વાં/નવે.પ્રશ્ન ૬/૨૦૨૦ તા.૦૧/૧૨/૨૦૨૦ થી અરજદારશ્રી ને સરા ગામે આવેલ સરકારી પડતર સર્વે નં.૭૩૮/૩/૧ પેકી ૯ માંથી ૧૦૦ ચો.મી. જમીનમાં મામલતદારશ્રી મુળી દ્વારા જમીન/વશી/રજી.નં-૭/૨૦૧૭ થી કુવા/બોર અને પાઈપલાઈન માટે ૦૨ ગુંઠા જમીન ૫ વર્ષના ભાડાપટે ફાળવવામાં આવેલ જમીન નવી શરત અને ભાડાપટે ફાળવવામાં આવેલ છે અને તે ફક્ત નિયંત્રિત સતા પ્રકારે ફાળવેલ જમીન હોય નિયમ અનુસાર તેને લગતા ૭-૧૨ અને ૮-અ માં વારસાઈ થઇ શકે નહિ એમ જણાવવામાં આવેલ હતું.

ત્યારબાદ અરજદાર દ્વારા તા.૧૦-૦૩-૨૧ થી મુખ્યમંત્રી કાર્યક્રમમાં સદર પ્રશ્ન રજુ કરેલ છે તેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૪.૫ અરજદારની ફરિયાદ અન્વયે ઉપરોક્ત મુદ્દા નં ૪.૨, ૪.૩ અને ૪.૪ મુજબ ની વિગતે સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને નિયમાધીન વીજજોડાણ મેળવવા અંગે જરૂરી આધાર-પુરાવા રજુ કરવા જાણકારી આપેલ છે પરંતુ અરજદાર દ્વારા ખૂટતા દસ્તાવેજીક પેપર્સની પૂર્તતા કરવામાં આવેલ નથી જેથી અરજદારને સદર ખેતી વિષયક વીજજોડાણ મળવા અંગેની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

૪.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯